## વડીલોને વંદન
## અભિનંદન



કુસુમબેન જે. ગાંધી
(૧૯૫૮) ફોન: ૨૩૨૨૨૭૭૦



રમણલાલ શાંતિલાલ ઠક્કર
(૧૯૩૭) ફોન: ૨૩૨૨૯૭૦૨

# આજથી મણીપુર (સોજા)ના રામજી મંદિરે પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા અને પંચકુંડી મહાયજ્ઞનો પ્રારંભ થશે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં આવેલ મણીનગર (સોજા) મુકામે તા. ૧૧મી ઓગષ્ટથી તા. ૧૩મી ઓગષ્ટ સુધી ભગવાન શ્રી રામચંદ્રની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તેમજ પંચકુંડી વિષ્ણુ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યુંછે. આ ઉપરાંત આ પ્રસંગે વિવિધ ધાર્મિક કાર્યક્રમો ઉપરાંત ભવ્ય લોક ડાયરો તેમજ સંતવાણીનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

મણીનગર (સોજા)ના શ્રી રામજી મંદિર સંસ્થાન ખાતે ભગવાન શ્રી રામચંદ્રના સમગ્ર પરિવારની પ્રાણપ્રતિષ્ઠા આ મહોત્સવમાં કરવામાં આવનાર છે. આ કાર્યક્રમનો સોમવારે સવારે ૮.૧૫ વાગે ધર્મધજા આરોહણથી પ્રારંભ કરાશે તેમજ જલયાત્રા કાઢવામાં આવશે. ત્યારબાદ ૯ વાગે શ્રી મહાકાળી માતાજી અને સિધ્ધનાથ મહાદેવનું પૂજન કરાશે. સવારે ૧૧ વાગે યજ્ઞશાળાનું ઉદઘાટન કરવામાં આવશે અને ૧૧.૧૫ કલાકે દીપ પ્રાગટય કરાશે. ત્યારબાદ યજ્ઞનો પ્રારંભ કરાશે. બપોરે ૧૨.૧૫ કલાકે દેવોનું આહવાહન અને સાંજે ૫.૩૫ વાગે આરતી સાથે સાંયપુજા કરાશે અને થાળ ધરાવાશે.

બીજા દિવસે મંગળવારે સવારે ૮ વાગે સૂર્યદાદાની નગરયાત્રા નીકળશે તેમજ સવારે ૧૦.૧૫ કલાકે પ્રાત્યક પૂજન કરવામાં આવશે. ત્યાર બાદ સ્તપન દેવોનું પૂજન અને અગ્નિસ્થાપન કરાયા બાદ ગ્રહહોમ વિધિ પ્રારંભાશે અને બપોરે ૧ વાગે પ્રસાદ વાસ્તુ તેમજ કુટિર હોમ યોજાશે. ત્રીજા દિવસે સવારે પ્રાપ્તક પૂજનથી ચાલુ કરીને શાંતિ પુષ્ટિ હોમ, પ્રદાન હોમ અને સ્થાપિત દેવતા હોમ જેવા વિવિધ હોમ યોજાશે એમ શ્રી ગણપતિ અને શ્રી હનુમાનજીના મંદિરોની ધ્વજાનું આરોહણ કરાશે. ત્યારબાદ શ્રી રામજી મંદિરમાં ભગવાન શ્રી રામચંદ્ર, માતા જાનકી અને શ્રી લક્ષ્મણજીની પ્રાણ પ્રતિષ્ઠા કરાશે. બપોરે ૧ વાગે નિજ મંદિરના દ્વારનું ઉદઘાટન કરવામાં આવશે તેમજ અન્નકૂટ ધરાવી મહાપુજા અને મહાઆરતી કરાશે.

આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના પહેલા દિવસે સોમવારે રાત્રે ૯ વાગે ઘનશ્યામ ગઢવી અને ચેતન ગઢવીનો લોકડાયરો પણ યોજાશે. જયારે બીજા દિવસે મંગળવારે રાત્રે ૯ વાગે ભજન સમ્રાટ નિરંજન પંડયાની સંતવાણીનો કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં સુરેન્દ્રનગર જિલ્લાના રાજ સીતાપુરના મહંત અંબારામદાસજી આર્શિવચન પાઠવશે તથા યજ્ઞના આચાર્ય જામળાના મહેશભાઈ રાવલ શાસ્ત્રી તરીકે તેમજ ખાટા આંબાના મહેશભાઈ કર્માચાર્ય વ્યાસ તરીકે સેવાઓ આપશે. આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને પંચકુંડી વિષ્ણુ મહાયજ્ઞનો લાભ લેવો.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા ખાતે આજે સવારે લાયન્સ પોલીસ ચોકી આગળ મોડાસા ડી.વાય.એસ.પી વી.એ.રાઠોડ અને ટાઉન પી.આઈ.કે.જે. ચૌધરી ની આવેવાની હેઠળ આજે કોઈપણ બાઈક સવાર ફેન્સી નંબર પ્લેટ લાગાવેલી હોય કે હેલ્મેટ ના પહેરેલુ હોય તો આજે દંડ કરવાને બદલે બાઈક ચાલક ને પ્રેમના પ્રતીક સ્વરૂપે રક્ષા કવચ બાંધી અને મેસેજ આપ્યો હતો કે ''હેલ્મેટ પહેરો, બેલ્ટ બાંધો અને જીવન બચાવો..'' નો મેસેજ આપ્યો હતો. ડી.વાય.એસ.પી. વી. એ. રાઠોડે જણાવ્યુ હતુ કે સમગ્ર વિશ્વમાં જે વાહનો છે તેનો એક ટકો વાહન આપણા ભારત દેશમાં છે તેના ૧૦ ટકા અકસ્માતનુ ભારણ ભારતભરમાં છે અને વિશ્વના અકસ્માતની સંખ્યા માં ૬ ટકા લોકો ભારતભરમાં મૃત્યુ પામે છે તેની પાછળનુ કારણ એ છે કે લોકોમાં ટ્રાફીક એઝ્યુકેશનનો અભાવ છે.





પ્રજા રક્ષક પોલીસભાઈઓને આજે સેકટર-૬ પોલીસ સ્ટેશને જી.ઈ. કલબ દ્વારા રક્ષાબંધન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.
(તસવીર : કશ્યપ નિમાવત)

## કે.કે. પટેલ વિદ્યાલય ખાતે રક્ષાબંધન પર્વની ભવ્ય ઉજવણી

કે.કે. પટેલ વિદ્યાલય કોલવડા ખાતે શાળાના આચાર્યા શ્રીમતી ભાવનાબા એ. વાઘેલાના માર્ગદર્શન હેઠળ શાળામાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધોરણ-૯ થી ૧૨ના ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં રાખડીના પ્રતિક સ્વરૂપ સર્જનાત્મક અવનવી ડિઝાઈન, ગણપતિ દેવી દેવતા તથા પ્રાકૃતિક ચિત્રોથી રાખડીઓનું સર્જન કર્યુ હતું.

# નાગપંચમીના શુભ દિને સે-૨૩માં શિવ મહાપુરાણ કથાનો પ્રારંભ થશે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના સેકટર-૨૩માં આવેલ પંચવટી પાર્કમાં તા. ૧૫મી ઓગષ્ટથી શિવ પાર્થિશ્વર ચિંતામણી પ્રયોગ તેમજ શિવ મહાપુરાણ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે પ્રતિદિન એકાદશ સહસ્ત્ર લીંગ નિર્માણ કરવામાં આવનાર છે.

પવિત્ર શ્રાવણ માસના નાગપંચમીના પાવન દિવસે આ શિવ મહાપુરાણ કથાનો પ્રારંભ થશે જેનો સમય બપોરે ૨.૩૦ થી સાંજના ૫.૩૦ વાગ્યા સુધીનો રહેશે. આ શિવ મહાપુરાણ કથા વૈરાગ્યનંદગીરીજી મહારાજની વ્યાસ પીઠે યોજાશે જેની પુર્ણાહુતી તા. ૨૫મી ઓગષ્ટે સોમવતી અમાસના શુભ દિને બપોરે ૩ વાગે કરવામાં આવશે. આ શિવ મહાપુરાણ કથા દરમિયાન સવા લક્ષ એટલે કે સવા લાખ શિવલીંગ પાર્થિશ્વર ચિંતામણી પ્રયોગ કરાશે જેમાં પ્રતિદિન એકાદશ સહસ્ત્ર લીંગ એટલે કે અગિયાર હજાર શિવલીંગનું નિર્માણ, પ્રતિષ્ઠા અને મહાપુજા કરાશે. આ મહાપુજાના આચાર્ય ભરતભાઈ રાવલ છે અને આ કાર્યક્રમ સે-૨૩ના પંચવટી પાર્કમાં પ્લોટ નં. ૬૭૨/૨ ખાતે પ્રતાપકુમાર ચુનિલાલ ઠકકરના યજમાન પદે યોજાનાર છે.





(તસવીર : સમીર બલોચ, મોડાસા)

રક્ષાબંધન પર્વ ની આજે સમગ્ર રાજય માં ધામધુમ થી ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે આજે અરવલ્લી જીલ્લા કલેકટર ધ્વારા બહેરામૂંગા સ્કુલના બાળકો સાથે રક્ષાબંધન પર્વ ની ઉજવણી કરી એક અનોખુ ઉદાહરણ પુરુ પાડવાની કોશીષ કરવામાં આવી હતી. અરવલ્લી જિલ્લાના મોડાસા શહેર માં લાયન્સ કલબ ધ્વારા ચાલતી બહેરા મૂંગા ની સ્કુલ માં વીદ્યાર્થીઓ ને ભણાવવામાં આવે છે. આ વીદ્યાર્થી ઓ સમાજ થી અડઘા રહી ને સમાજ માં પોતાની એક આગવી ઓળખ અને સ્થાન બનાવવાની કોશીષ કરે છે.તેવા બાળકો ને આજે જીલ્લા કલેકટરશ્રી બી.જે.ભટ્ટે પોતે અને પોતાના પરીવાર સાથે ત્યાં જઈ આ રક્ષાબંધન પર્વ ની ઉજવણી કરી હતી અને બાળકો ને ભેટ સોગાદો પણ આપી હતી જયારે આ સ્કુલ ના બાળકો એ કલેકટર બી.જ..ભટ્ટ ને હાથે રાખડી બાંધી અને આર્શીવાદ લીધા હતા.

## મેમરી પાવરની ટેકનીકસનો જેસીઆઈ દ્વારા શોર્ટ સેમિનાર

માત્ર સત્તર વર્ષનો ટીનેજર ધવલ પટેલ કે જે પોતે સો કૌરવોના નામ કડકડાટ બોલે છે. નાની નાની ટેકનીકથી મેમરી પાવર કેવી રીતે વધારી શકાય એ માટે એ અત્યાર સુધી અનેક સેમિનાર કરી ચુકયો છે. જેસીઆઈ ગાંધીનગરના પ્રમુખ સાત્વિક ત્રિવેદી અને નિકુંજ શુકલાના પ્રયત્નથી આજે આ ધવલ પટેલ કલ્પતરૂ લર્નીંગ સેન્ટર ખાતે એનો બે કલાકનો સેમિનાર આપવાનો છે. સોમવાર તા. ૧૧ના રોજ સાંજે ૭ થી ૯ દરમિયાન કલ્પવૃક્ષ લર્નિંગ સેન્ટર જીઆઈડીસી સે-૨૫ ખાતે વિદ્યાર્થીઓ, વાલીઓ અને રસ ધરાવતા સૌને ઉપસ્થિત રહેવા મંત્રી કેતન ભાવસારે જણાવ્યુંછે. 'આઈ એમ પ્રુવિંગ મેમરી' ના ટાઈટલ હેઠળ યોજાનારા આ કાર્યક્રમમાં આમંત્રીત તરીકે ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી અને ગાંધીનગર સમાચારના કટારલેખક સંજય થોરાત હાજર રહેવાના છે. જેસીઆઈ ટીમ ટ્રેનીંગ સેશન માટે કટીબધ્ધ છે અને તેઓએ આ મેમરી પાવર ટેકનીક શીખવા સૌને આમંત્ર્યા છે. આ કાર્યક્રમમાં લગભગ ૧૦૦ જણા ભાગ લેનાર છે અને એમાં ૨૩-૨૪ ઓગષ્ટ દરમિયાન યોજાનારા મેમરી કાર્યક્રમનું ડેમોન્સ્ટ્રેશન પણ રાખ્યુંછે. તમારા બાળકની સ્માર્ટનેસ ખિલવવાં આ ડેમો અવશ્ય જોવો જ રહ્યો.

## મેલેરિયા-ડેન્ગ્યુ માટે..

● અનુસંધાન પહેલાનું ચાલુ

મહાનગરપાલિકા, ગુડા સહિતની વિવિધ કચેરીઓની મુલાકાતે હતી જેમાં સ્વચ્છતા, સાદા ઝાડામાં લેવાની કાળજી સહિતના મુદ્દાઓની સરળ ભાષામાં સમજૂતી આપવામાં આવી હતી. આ અંગે એક વિશેષ કાર્યક્રમ ૧૪મી ઓગષ્ટના રોજ રાજયના આરોગ્ય મંત્રીશ્રી નીતિન પટેલની અધ્યક્ષતામાં ટાઉનહોલ ખાતે પણ યોજાવાનો છે. આ પખવાડિયું વધુ એક પખવાડિયુ લંબાવવા માટે સરકારમાં વિચારણા ચાલી રહી હોવાનું જાણવા મળેલ છે.





રક્ષાબંધનનો તહેવાર સમગ્ર દેશમાં ખૂબ જ ઉલ્લાસપૂર્વક ઉજવાયો હતો પરંતુ ગમે તવા ઉત્સવ અને તહેવારના દિવસે પણ ખડે પગે કાર્યરત રહીને સામાન્ય જનની સુરક્ષામાં કટિબધ્ધ એવા પોલીસ કર્મીઓની રક્ષાબંધન કંઈક અલગ રીતે ઉજવાઈ હતી. અમદાવાદના ઈસનપુર ખાતે વુમન્સ નાગર સોશ્યલ ગૃપની મહિલાઓએ પોલીસ સ્ટેશને જઈને પોલીસ કર્મીઓના હાથે રાખડી બાંધી તેમને સુરક્ષા અને દિર્ઘાયુની શુભેચ્છાઓ પાઠવી હતી.

## રક્તદાન - મહાદાન

## શબ્દાવલી - ૫૪૭૪



### આડી ચાવી

૧. રાત, નિશા (૪)
૪. મેસેજ, એક દૈનિક (૩)
૬. હાજિયો પુરાવવો (૩)
૭. સવાનવ ને પાંચ એટલે (૨)
૯. તિર્થ, યાત્રા (૩)
૧૧. જુદા જુદા, અવનવા (૩)
૧૩. ચિત્ર દોરવા તે (૪)
૧૬. વિચિક્ષ હોવું તે (૪)
૧૭. ધુસરી, કામનો બોજો કે જવાબદારી (૨)
૧૮. મોટો ખટલો કે સરસામાન (૪)
૨૧. કંટાળો ઉપજાવે તેવું (૪)
૨૨. તવ, તમારું (૨)

### ઊભી ચાવી

૧. પોષક તત્ત્વો (ખોરાકમાં) (૪)
૨. વરાળ, બાષ્પ (૨)
૩. વશ કરવું, .... કરણ (૨)
૪. ધન, મિલ્કત (૩)
૫. સોગંધ (૩)
૮. પ્યુરીટી, પવિત્ર હોવું તે (૪)
૧૦. સૂર્ય, ભાનુ (૨)
૧૧. જેનું ચિત્ર ના હોય તેવું (૩)
૧૨. હડસેલા, ઠેલા (૨)
૧૪. સમારકામ, રીપેરીંગ (૪)
૧૫. ઉપાય, દવા (૩)
૧૬. પત્ની મરી જાય તેવો પતિ (૩)
૧૭. વાસણ, દિવડો (૩)
૨૦. વાસણ, બર્તન (૨)

### શબ્દાવલી ૫૪૭૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) પાલનહાર (૬) હાલત (૭) ટકટક (૯) ખલ (૧૧) ઘાટ (૧૨) શાક (૧૩) પારસલ (૧૪) તર્કટ (૧૫) મેજ (૧૬) શોરગુલ (૧૮) કાછલી (૨૦) કાપાલીક

**ઊભી ચાવી :-** (૧) લહાવો (૨) પાતક (૩) નટખટ (૪) હાકલ (૫) રટ (૮) કટોકટ (૧૧) ગરમર (૧૧) ઘાલમેલ (૧૨) શાર્કમાછળી (૧૬) શોક (૧૭) ગુનો (૧૮) કાપા (૧૯) લીક

## ટાઈમલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતું. લોકોને જાતે જ પોસ્ટકાર્ડ લખતા હતા...

મોરારજી દેસાઈએ તેમના કાર્યકાળ (૧૯૭૭-૭૯) માં જાહેર વિતરણ વ્યવસ્થા બંધ કરી હતી. જે ખાંડ રેશનીગની દુકાનમાં વેચાતી હતી તેના કરતાં પણ સસ્તી ખાંડ બજારમાં ઉપલબ્ધ કરાવતાં આ દુકાનોને તાળા મારવાનો સમય આવ્યો હતો. આ એક સમય હતો જયારે લોકો સુખી હતા. આજે શાકભાજી અને અનાજના ભાવ ભડકે બળે છે ત્યારે મોરારજી પછીના બીજા ગુજરાતી -ાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદીએ શાકભાજી અને અનાજમાં આવું કરવાની જરૂર છે. ખેડૂતો તેમનો માલ સીધો ગ્રાહકને વેચી શકે અને કોઈ વચેટીયો ન હોય તેવી વ્યવસ્થાની આજે ગુજરાત અને બીજા રાજયોમાં જરૂર છે. પ્રાયોગિક ધોરણે જો એક વર્ષ માટે પણ આવું થાય તો દેશની જનતા માટે ફરીથી ખુશીના દિવસો આવી શકે છે...

### ગુજરાતી ફિલ્મો, એક યુગ આથમી ગયો...

ગુજરાતનો એક મધુર અને રોમાંચક યુગ આથમી ગયો છે. આજે સાઉથ ઈન્ડિયન મુવી હિન્દીમાં ડબ થાય છે પરંતુ ગુજરાતી મુવીના કોઈ મોલ નથી. આજે ગુજરાતી ફિલ્મ પ્રોડ્યુસરો અને નિર્માતાઓ જો આપણી પૌરાણિક ગુજરાતી ફિલ્મોની સ્ટોરીમાંથી ફિલ્મ બનાવે તો તે સુપરહીટ નિવડી શકે છે. આજે તો સુપરહીટ ફિલ્મોની વ્યાખ્યા બદલાઈ ચૂકી છે. ફિલ્મ કેટલી ચાલે છે તેના ઉપર નહી ફિલ્મ ૧૦૦ કરોડની કલબમાં આવી કે નહી તેની ચર્ચા થાય છે. ભલે ફિલ્મ બે કે ત્રણ સપ્તાહ ચાલે, પણ વકરો એટલો કરે કે તે ફિલ્મને બાવન અઠવાડિયાની જરૂર નથી. જાણીને નવાઈ લાગશે કે આપણી ગુજરાતી ઘણી ફિલ્મોએ બાવન અઠવાડિયા પૂર્ણ કરેલા છે...

મોટાભાગની ગુજરાતી ફિલ્મો કોઈને કોઈ નદીના કિનારે બનેલી છે. ખાસ કરીને કચ્છ અને સૌરાષ્ટ્રની ભાતીગળ છાપ ધરાવતી ફિલ્મોનો જબરો ક્રેઝ હતો. ૧૯૨૦માં બનેલી કૃષ્ણ-સુદામા હોય કે નરસિંહ મહેતા, ગુજરાતી દર્શકોએ તેને સ્વમાનભેર સ્વિકારી છે. ૧૯૨૧માં ભક્ત વિદુર ફિલ્મ બની હતી જે સૌ -થમ રાજકીય ફિલ્મ હતી. ગોવર્ધનરાય ત્રિપાઠીની નવલકથા ઉપરથી બનેલી ફિલ્મોએ ગુજરાતી ફિલ્મ ઉદ્યોગને સાતમા આસમાને પહોંચાડી દીધો હતો. ઉપેન્દ્ર ત્રિવેદી, અરવિંદ ત્રિવેદી, સંજીવકુમાર, કિરણ કુમાર, અસરાની, રીટા ભાદુરી, રમેશ મહેતા, સ્નેહલત્તા, અરૂણા ઈરાની એ બધાં પાત્રોએ ગુજરાતને નવા રંગ આપ્યા હતા. ઉપેન્દ્ર ત્રિવેદી એ ગુજરાતી ફિલ્મોના અમિતાભ બચ્ચન હતા તો અરૂણા ઈરાની એન્ગ્રી યંગ વુમન હતી. કહેવાય છે ને કે એક વો ભી જમાના થા... વન્સ અપોન એ ટાઈમ ઓન ગોલીવુડ..!!

### ગુજરાતી છતાં કહેવાય સ્વાદ ઈન્ડિયા...

આપણા ગુજરાતનો પ્રત્યેક -દેશ તેની કોઈને કોઈ ઓળખ માટે વખણાય છે. કોઈક -દેશ દરિયાકિનારે હોય તો રમણિક વિસ્તારોથી ઓળખાય છે તો કોઈ ઉંચા પર્વતો પરના મંદિરોથી શોભે છે. માત્ર ભૌગોલિક નહી, ભોજનની બાબતમાં ગુજરાત વૈવિધ્યતા ધરાવે છે. નાના નાના ગામડા થી લઈને મોટા શહેરો તેમના ભાત ભાતના વ્યંજનો માટે સુપ્રસિદ્ધ છે. અમદાવાદના રાયપુરના ભજીયા આજે પણ મશહૂર છે. વડોદરાનો લીલો ચેવડો અને ભાખરવડી લોકોને બહુ ભાવે છે. ભરૂચનો ગુંદરપાક અને ખારી શિંગ વિદેશમાં લોકપ્રિય છે. સુરતની ધારી, જલેબી, ઉંધીયુ અને ખમણનો ટેસ્ટ ભૂલી શકાય તેવો નથી...

વલસાડ તો કેરી અને ચીકુમાં મશહૂર છે. ડાકોરના ગોટા આજે પણ મનમોહે છે. ઉત્તરસંડાના પાપડ અને મઠીયા દિવાળીમાં લોકો યાદ કરે છે. રાજકોટના પેંડા, ભજીયા અને ચીક્કીની વિદેશોમાં માંગ છે. જામનગરની કચોરી કે પાન હોય કે ખંભાતનું હલવાસન, કે પછી લીમડીનું કચરિયું બધું નિકાસ થાય છે. નડીયાદનું ચવાણું, કચ્છની દાબેલી અને ગુલાબપાક, ભાવનગરના ગાંઠીયા, ખેડાનો ઘઉંનો પોંક, બારડોલીના પાત્રા, જૂનાગઢની કેસર કેરી, પોરબંદરની ખાજલી અને થાબડી, થાનના પેંડા, ગોંડલના મરચાં અને આણંદના દાળવડાનો સ્વાદ જીભે લાગી જાય છે. પાલીતાણાનું ગુલકંદ હોય કે ડીસાના બટાટા, ચોટીલાના ખાંડના લાડુ હોય કે સિહોરના પેંડા આજે સ્વાદ ઈન્ડિયા બની ચૂક્યાં છે...

### આટલા વર્ષો પાણીમાં ગયા હવે માગી લો...

કેન્દ્રમાં કોંગ્રેસ -રિત યુપીએની સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં ગુજરાતને કેટલી ગ્રાન્ટ આપી તેના હિસાબ ચૂંટણી સમયે આપ્યા હતા પરંતુ તેનું માર્કેટીગ બરાબર કરી શકી નહી પરિણામે ગુજરાતની જનતાને લાગ્યું કે કેન્દ્ર સરકાર ગુજરાતને સતત અન્યાય કરતી આવી છે. કોંગ્રેસે નર્મદા ડેમની ઉંચાઈને મંજૂરી આપી દીધી હોત તો તે તેનો પ્લસ પોઈન્ટ બન્યો હોત, મહિલા માટે ૫૦ ટકા અનામત અને ફરજીયાત મતદાનનું બીલ મંજૂર કર્યુ હોત તો મહિલાઓ કોંગ્રેસ પ્રત્યે સોફ્ટ બની હોત, મેટ્રો રેલ અને ગિફ્ટસિટી માટે ભંડોળનું માત્ર વચન આપ્યું હોત તો મતદારોએ મતોથી ઝોળી છલકાવી દીધી હોત...પણ ના, કોંગ્રેસને તો હાર જોઈતી હતી. એક પણ રૂપિયાનો ખર્ચ થવાનો ન હતો તેવી રાજયની દરખાસ્તો અને રજૂઆતો મંજૂર કરવામાં કોંગ્રેસને કાંટા કયા વાગ્યા તે સમજાતું નથી...

નવી દિલ્હીમાં આજે ગુજરાતના લીડર પ્રાઈમ મિનિસ્ટર તરીકે બેઠાં છે ત્યારે ગુજરાત સરકારને લીલાલહેર પડી ગઈ છે. માંગ માંગ તે આપું... એવો ઘાટ છે. તમે માગ્યું અને અમે આપ્યું... ભાજપના ચોપડે ગુજરાતના વિકાસના પાના લખાશે ત્યારે કેન્દ્ર સાથેના પડતર પ્રશ્નો મુખ્ય હશે. ભાજપના એક ધારાસભ્ય સચિવાલયમાં મળી ગયા. તેમને પૂછ્યું કે શું ચાલે છે દિલ્હીમાં, સરકાર બન્યા પછી તમે ગયા કે નહી...?!! તેમણે -ત્યુત્તર વાળ્યો કે હજી ગયો નથી પણ સાંભળ્યું છે કે ગુજરાતને હવે દિલ્હીમાં માન-પાન સારા મળે છે. કેન્દ્રીય કેબિનેટના સભ્યો ગુજરાતના પ્રત્યેક મહાનુભાવને માનની નજરથી જુએ છે. આજે તો રાજયના ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલ કેન્દ્રમાં જે માગે છે તે બધું જ મળે છે, કારણ એક જ છે અને તે છે ગુજરાતી પ્રાઈમ મિનિસ્ટર છે. મોદીની સૂચના છે કે ગુજરાત જે માગે તે બધું જ તેને આપી દેવાનું... કેન્દ્રીય કેબિનેટ મોદીના પ્રભાવમાં અને આદેશમાં છે...

### કહાં ગયે વો દિન- ભાઈ, આરામમાં છે...

ગુજરાતના ભૂતપૂર્વ રાજયમંત્રી પુરુષોત્તમ સોલંકી તેમની નાદુરસ્ત તબિયતના કારણે લાઈમ લાઈટમાં આવતા નથી. નવી સરકારમાં તેમને પડતા મૂકવામાં આવ્યા છતાં તેમના તરફથી કોઈ પ્રતિભાવ જાણવા મળ્યો નથી. પાર્ટીના એક સિનિયર નેતાએ કહ્યું હતું કે ભાઈએ જાતે જ ના પાડી છે, તેઓ કેબિનેટમાં હોદો લેવા માગતા નથી. હાલ ભાઈ આરામમાં છે. તેમની તબિયત હંમેશા સારી રહે તેવી પ્રાર્થના તેમના સમર્થકો કરી રહ્યાં છે. પુરુષોત્તમ સોલંકી માટે કહેવાય છે કે તેમણે તેમના સમાજ માટે ખૂબ દાન અને સેવા કરી છે અને એટલે જ તેઓ વારંવાર ચૂંટાઈ આવે છે. કોળી સમાજમાં તેમનું પ્રભુત્વ આજે પણ અકબંધ છે...

પુરુષોત્તમ સોલંકીનો એક જમાનો હતો. કોળી સમાજને અસર કરતી ૩૨ બેઠકો ઉપર તેમની હકૂમત ચાલે છે તેવું કહીએ તો પણ ખોટું નથી. વિધાનસભાની ચૂંટણીમાં તેઓ પાર્ટી સાથે સંઘર્ષ કરીને પણ કોળી સમાજના ઉમેદવારોને ટિકીટ અપાવતા હતા. કેશુભાઈ પટેલની સરકારમાં તેઓ -ધાન હતા. કેશુભાઈને ૨૦૦૧માં ચીફ મિનિસ્ટર પદ છોડવું પડ્યું અને તેઓ નરેન્દ્ર મોદી સામે મેદાને પડ્યા ત્યારે પુરૂષોત્તમ સોલંકી પણ કેશુભાઈની સાથે જોડાયા હતા, પરંતુ પછીથી તેઓએ લડાઈનો ધ એન્ડ કરી દીધો હતો અને મોદી સાથે જોડાઈ ગયા હતા. મોદી સરકારમાં પણ તેઓ પ્રધાન રહ્યાં છે, પણ પહેલીવાર આનંદીબેન પટેલની સરકારમાં પ્રધાન નથી. રાજયના વિવિધ જળાશયોમાં માછીમારીના કોન્ટ્રાક્ટ આપવાનું કૌભાંડ તો જવાબદાર નથી ને..?! એવો સવાલ પાર્ટી અને સરકારમાં થઈ રહ્યો છે. જો કે દિલીપ સંઘાણી અને પુરૂષોત્તમ સોલંકી એમ બન્ને મિનિસ્ટર હાલ સાયલન્ટ છે...

### બદલીઓની ફાઇલ ખરેખર પેન્ડીગ છે...

ગુજરાતના વહીવટી તંત્રમાં અને પોલીસ તંત્રમાં ફેરફારોની ફાઈલ ખરેખર પેન્ડિંગ છે કે પછી બીજું કોઈ કારણ છે તે રસપ્રદ બાબત છે, કારણ કે સિનિયર આઈએએસ ઓફિસરો તેમજ ઉચ્ચ પોલીસ અધિકારીઓની બદલીની ફાઈલ તૈયાર થઈને પડી છે. સચિવાલયમાં એવું ચર્ચાઈ રહ્યું છે કે બદલીઓની આ ફાઈલમાં ઓફિસરોની નિયુક્તિ બાબતે વધુ વિચારણા કરવાની જરૂર હોવાથી હાઈકમાન્ડની એપ્રુવલ લેવામાં આવી રહી છે. આમ પણ ગુજરાતમાં કોઈ ઉચ્ચ અધિકારીઓને નવી જગ્યાએ નિમણૂક આપતા પહેલાં દિલ્હીની પરવાનગી જરૂરી એટલા માટે છે કે ગુજરાતના કયા ઓફિસરોને નવી દિલ્હીમાં ડેપ્યુટેશન ઉપર મોકલવાના છે અને કયા ઓફિસરોનું ડેપ્યુટેશન પૂર્ણ થાય છે તે નિશ્ચિત નથી...

ગુજરાતમાં હવે પછીનો સમય વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટનો છે. હાલ ૧૫મી ઓગષ્ટ છે તેથી કહેવાય છે કે સ્વાતંત્ર્ય દિન પછી બદલીઓની ફાઈલો ઉપર મંજૂરીની મહોર વાગશે. હાલ બદલીઓ થાય તેવા કોઈ ચાન્સ જણાઈ આવતા નથી. વાયબ્રન્ટ સમિટમાં હાલના એનર્જી અને ઈન્ડસ્ટ્રીઝ વિભાગના અધિક મુખ્ય સચિવ ડી. જે. પાંડિયનનો રોલ અતિ મહત્વનો સાબિત થવાનો છે. પાંડિયન ઉપરાંત કે. કૈલાસનાથન, અજય ભાદુ અને જી. સી. મુર્મુને પણ જવાબદારીઓ મળી શકે છે. વાયબ્રન્ટ સમિટ સાથે ઓછામાં ઓછા ૧૫ વિભાગો સંકળાયેલા હોવાથી તેટલા ઓફિસરોને વિશેષ જવાબદારી એનાયત થશે તેવું લાગે છે. એટલિસ્ટ દિવાળી અને તે પછી ૨૬મી જાન્યુઆરી- -જાસત્તાક દિન સુધી આ ઓફિસરો બિઝી રહેશે.

### તિરંગો એ છઠ્ઠો રાષ્ટ્રધ્વજ બન્યો છે...

આપણો તિરંગો એ અત્યાર સુધીનો સાતમો રાષ્ટ્રધ્વજ બન્યો છે. ૧૯૦૬માં વંદે માતરમ લખેલો રાષ્ટ્રધ્વજ હતો. ૧૯૦૭માં તેના કલર બદલાયા હતા. ૧૯૧૭માં ફરીથી રાષ્ટ્રધ્વજ બદલવામાં આવ્યો. ૧૯૨૧માં રેટીયો આપણું પ્રતિક હતું જેમાં ૧૯૩૧માં કલર બદલાયા હતા, જયારે ૧૯૪૭માં તિરંગો એ આપણો રાષ્ટ્રધ્વજ બન્યો છે.